## મે. અમદાવાદ એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટેટ કોર્ટ નં. ૧૩ સાહેબની કોર્ટમાં. મુ. અમદાવાદ

ફોજદારી કેસ નં.૧૨૦૧૯૩/૨૦૨૧

શ્રી સરકાર ................ફરિયાદી

વિરુઘ્ધ

જયેશ મહેશભાઈ પરમાર આરોપી

**તહોમત :**-જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબ.

## -: જજમેન્ટ:-

(૧) હાલના કામે આરોપી સામે હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ તહોમત છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. આરોપીની આંક ૨ થી પ્લી લેતાં આરોપીએ તેની સામેના આક્ષેપોનો આંક. ૩ ની કબુલાત પુરશીશથી સ્વેચ્છાએ સ્વીકાર કરેલ છે ત્યારે એ ઘ્યાને લેવું જરૂરી છે કે આરોપીને કાયદામાં ઠરાવેલી નિયત સજા કરવામાં આવે અને આરોપીને જેલમાં મોકલવામાં આવે તો શકય છે કે આરોપી જેલમાંના અઠંગ અને રીઢા ગુનેગારોની સોબતમાં આવી જાય અને પરિણામે તે પણ તેમના જેવો ગુનેગાર બની જાય. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિઘ્ધાંત મુજબ આ પ્રમાણેની સ્થિતિનું સર્જન ન થાય તેવી તકેદારી રાખવી તે પણ આ તબકકે જોવું જોઈએ તેમ મારું માનવુ છે. આરોપીનો આ પ્રથમવારનો ગુનો છે અને તે બદલ તેને પસ્તાવો થયો છે. આરોપીને કેદની સજામાં દયા રાખી ઓછી સજા કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આરોપી સામેનો ગુનો, કાયદામાં ઠરાવેલી સજા, ગુનાની ગંભીરતા તથા તેની આર્થિક, સામાજિક પરિસ્થિતિને તથા તેના કુટુંબની જવાબદારીને ઘ્યાને લેતા આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>**-: હુકમ :-**</u>

આરોપીને જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા. ૧૦૦/- (અંકે રૂા એક સો  પુરા) દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન-૦૫  ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.  મુદ્દામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબનો  મુદ્દામાલ નાશ કરવો.

હુકમ આજ  રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૨
સ્થળઃ- અમદાવાદ

(સુનંદા પ્રશાંત દુલેરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
જી.જે.૦૦૮૮૭